**Seat No. : _______________**

# XD-103

**M.A. - II**

**March-2013**

## Gujarati : Paper - V

## ગ્રંથકાર પરિચય : નરસિંહ (મુખ્ય)

**Time : 3 Hours]** **[Max. Marks : 100**

**સૂચના : બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

૧. નીચેના પ્રશ્નો વાંચી, તેની નીચે દર્શાવેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પ પર ✓ ની નિશાની કરી, આ પૃષ્ઠને જવાબપત્રની સાથે અચૂક જોડી દેવું : ૨૦

(૧) નીચેની પંક્તિ કયા પદની છે ?

‘પુરૂષ-પુરૂષાતન લીન થયું માહરૂં,
સખીરૂપે થયો મધ્ય ગાવા’

(a) જ્ઞાનના પદ (b) પુત્રવિવાહના પદ

(c) હિંડોળાના પદ (d) વિરહના પદ

(૨) નીચેની પંક્તિ કયા પદની છે ?

‘મરમ વચન કહ્યાં ભાભીએ હુંને
તે મારા પ્રાણમાં રહ્યા વવૂંધી’

(a) પુત્રવિવાહના પદ (b) મામેરાના પદ

(c) હારસમેના પદ (d) ચાતુરીઓ

(૩) નરસિંહના ભક્તજીવનની કસોટીના કેટલા પ્રસંગો બને છે ?

(a) ૪ (b) ૬

(c) ૩ (d) ૯

(૪) નરસિંહને મહેણું કોણે માર્યું ?

(a) માતાએ (b) પિતાએ

(c) ભાભીએ (d) ભાઈએ

(૫) નરસિંહે કેટલા કીર્તન લખવાનો નિયમ કર્યો ?

(a) સવા લાખ (b) એક લાખ

(c) ત્રણ લાખ (d) ચાર લાખ

(૬) પુત્ર વિવાહના પદની સંખ્યા જણાવો.

(a) ૩૪ (b) ૩૫

(c) ૩૭ (d) ૨૮

(૭) નરસિંહે કયા છંદનો ઉપયોગ કર્યો છે ?

(a) મંદાક્રાન્તા (b) ઝુલણા

(c) શિખરિણી (d) પૃથ્વી

(૮) મામેરાના પદની કડી સંખ્યા જણાવો.

(a) ૨૮ (b) ૧૬

(c) ૨૧ (d) ૧૮

(૯) નીચેની કડી કયા પદની છે ?

‘જાગીને જોઉં તો જગત દીસે નહીં
ઊંઘમાં અટપટા ભોગ ભાસે’

(a) વાત્સલ્યપ્રીતિના પદ (b) પુત્રવિવાહના પદ
(c) ભક્તિ-જ્ઞાન વૈરાગ્યના પદ (d) દાણલીલાના પદ

(૧૦) નરસિંહ મહેતાનો જન્મ ક્યાં થયો હતો ?

(a) તળાજા (b) રાજકોટ
(c) ભાવનગર (d) જૂનાગઢ

(૧૧) નરસિંહે હૂંડી કોના નામે લખી હતી ?

(a) કમળાદાસ (b) શામળદાસ
(c) કૃષ્ણ (d) દામોદરદાસ

(૧૨) ઝારીના પદની સંખ્યા કેટલી ?

(a) ૦૪ (b) ૦૯
(c) ૧૮ (d) ૨૧

(૧૩) જદુપતિનાથ તે મિત્ર છે તેમ તણા,
જાઓ વેગે કરી કૃષ્ણ પાસે.

(a) સુદામાચરિત્ર (b) નેત્રકટાક્ષના પદ
(c) રતિસુખના પદ (d) હિંડોળાના પદ

(૧૪) જળકમળ છાંડી જાને બાળા,
સ્વામી અમારો જાગશે.

(a) ઝારીનાં પદ (b) બાળલીલાનાં પદ
(c) રાસનાં પદ (d) વસંતનાં પદ

(૧૫) નરસિંહની પુત્રીનું નામ

(a) મીરાંબાઈ (b) પૂતળીબાઈ
(c) કુંવરબાઈ (d) ગૌરીબાઈ

(૧૬) નરસિંહ મહેતાનો માન્ય થયેલો સમય કયો ?

(a) ૧૫૧૪ થી ૧૫૮૦ (b) ૧૩૧૪ થી ૧૩૮૦
(c) ૧૮૧૪ થી ૧૯૦૦ (d) ૧૪૧૪ થી ૧૪૧૨

(૧૭) નરસિંહ મહેતાના પિતાનું નામ શું ?

(a) પર્વતદાસ (b) કૃષ્ણદાસ
(c) કેશવદાસ (d) વિષ્ણુદાસ

(૧૮) નરસિંહની પત્નીનું નામ શું ?

(a) પાનબાઈ (b) માણેક મહેતી
(c) હીરાબાઈ (d) રાધાબાઈ

(૧૯) ‘દાણલીલા’ના પદની સંખ્યા કેટલી છે ?

(a) ૧૨ (b) ૨૮
(c) ૦૯ (d) ૨૧

(૨૦) નરસિંહ મહેતાની જ્ઞાતિ કઈ ?

(a) વૈષ્ણવ (b) નાગર
(c) વાણિયા (d) ત્રિવેદી

૨. "ભક્તિ જ્ઞાનનાં પદો એ નરસિંહની કવિતાની પરિણત પ્રજ્ઞાની પ્રસાદી છે." - ચર્ચા કરો. **૨૦**

**અથવા**

નરસિંહની પદ કવિ તરીકેની વિશેષતાઓ સદૃષ્ટાંત સમજાવો.

૩. નરસિંહના કૃષ્ણલીલા વિષયક પદોનો પરિચય આપો. **૨૦**

**અથવા**

નોંધ લખો : **(બંને)**

(૧) નરસિંહના ઉપદેશના પદો

(૨) 'સુદામાચરિત્ર' આખ્યાનકલ્પ કૃતિ તરીકે

૪. 'હારસમેનાં પદો'માં પ્રગટ થતું નરસિંહનું કર્તૃત્વ અને કૃતિત્વ જણાવો. **૨૦**

**અથવા**

નરસિંહના બાળલીલાના પદોમાંથી પ્રગટ થતાં વાત્સલ્ય રસ વિશે નોંધ લખો.

૫. નરસિંહની આત્મચરિત્રાત્મક કૃતિઓનો પરિચય કરાવો. **૨૦**

**અથવા**

નરસિંહ પહેલા કવિ કે ભક્ત ? કારણો સાથે જણાવો.

Seat No. : _______________

# XD-103

**M.A. - II**

**March-2013**

## Gujarati : Paper - V

### ગ્રંથકાર પરિચય : ઉમાશંકર જોશી (ગૌણ)

**Time : 3 Hours]** **[Max. Marks : 100**

**સૂચના : બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

૧. નીચેના પ્રશ્નો વાંચી, તેની નીચે દર્શાવેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પ પર ✓ ની નિશાની કરી, આ પૃષ્ઠને જવાબપત્રની સાથે અચૂક જોડી દેવું : ૨૦

(૧) ઉમાશંકર જોશીનો જન્મ ________

(a) ૨૧ જુલાઈ ૧૯૧૧ (b) ૧૯ ડિસેમ્બર ૧૯૧૧

(c) ૨૦ જૂન ૧૯૧૧ (d) ૨૧ જાન્યુઆરી ૧૯૧૧

(૨) ઉમાશંકરના પિતાનું નામ _________

(a) દુર્ગારામ જોશી (b) ન્હાનાલાલ જોશી

(c) જેઠાલાલ જોશી (d) મણિલાલ જોશી

(૩) ઉમાશંકર જોશીનું અવસાન કઈ સાલમાં થયું હતું ?

(a) ૧૯૮૫ (b) ૧૯૮૮

(c) ૧૯૯૧ (d) ૧૯૯૪

(૪) નીચેના પૈકી કઈ કૃતિ ઉમાશંકર જોશીએ કરેલા અનુવાદ છે ?

(a) શિવ સંકલ્પ (b) સૌના સાથી સૌના દોસ્ત

(c) ગુલે પોલાંડ (d) શેક્સપિયર

(૫) 'સ્વપ્નપ્રયાણ' સંગ્રહમાં કયા કવિની રચનાઓ ઉમાશંકરે સંપાદિત કરી છે ?

(a) ભોગીલાલ ગાંધી (b) શ્રીધરાણી

(c) ઝવેરચંદ મેઘાણી (d) હરિશચંદ્ર ભટ્ટ

(૬) 'સંસ્કૃતિ' સામયિક કઈ સાલમાં શરૂ કરાયું હતું ?

(a) ૧૯૪૭ (b) ૧૯૪૮

(c) ૧૯૪૯ (d) ૧૯૫૦

(૭) નીચેના પૈકી કયો સંગ્રહ ઉમાશંકરનો કાવ્યસંગ્રહ નથી ?

(a) ગંગોત્રી (b) વિવેક કવિતા

(c) ધારાવસ્ત્ર (d) નિશીથ

(૮) 'રચો, રચો અંબરચુંબી મંદિરો, ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા !' કયા કાવ્યની પંક્તિ છે ?

(a) ગુર્જરી ગિરા (b) વિશ્વમાનવી

(c) જઠરાગ્નિ (d) વિશ્વશાંતિ

(૯) ‘૩૧માં ડોકિયું’ કૃતિનું સ્વરૂપ જણાવો.

(a) રેખાચિત્ર (b) આત્મકથા

(c) જીવનકથા (d) ડાયરી

(૧૦) નીચેનામાંથી કયું પાત્ર ‘સાપના ભારા’ એકાંકીનું નથી ?

(a) ધનબાઈ (b) ચંદણી

(c) મેના (d) અંબાબાઈ

(૧૧) ઉમાશંકરની નવલકથાનું શીર્ષક જણાવો.

(a) પારકાં જણ્યાં (b) શ્રાવણી મેળો

(c) ખેતરને ખોળે (d) લીલુડી ધરતી

(૧૨) ઉમાશંકર જોશીના કયા સંગ્રહને ધ્યાનમાં રાખીને જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરાયો હતો ?

(a) ગંગોત્રી (b) વિશ્વશાંતિ

(c) નિશીથ (d) ધારાવસ્ત્ર

(૧૩) ઉમાશંકર જોશીના પત્નીનું નામ જણાવો.

(a) જયાબહેન (b) જ્યોત્સનાબહેન

(c) જ્યોતિબહેન (d) જમનાબહેન

(૧૪) ‘બારણે ટકોરા’ એકાંકીના નારીપાત્રનું નામ જણાવો.

(a) ધનબાઈ (b) જીવી

(c) અંબાબાઈ (d) નંદુ ગોરાણી

(૧૫) નીચેના પૈકી કઈ કૃતિ પદ્યનાટક નથી ?

(a) કડલાં (b) મંથરા

(c) ભરત (d) યુધિષ્ઠિર

(૧૬) ઉમાશંકર જોશીનું ઉપનામ જણાવો.

(a) ઉશનસ્ (b) સ્નેહરશ્મિ

(c) સેહેની (d) વાસુકિ

(૧૭) ‘ચીનમાં ૫૪ દિવસ’ પુસ્તક ________ છે.

(a) નિબંધ સંગ્રહ (b) પ્રવાસ વર્ણન

(c) વિવેચન સંગ્રહ (d) ચરિત્રગ્રંથ

(૧૮) સમસામયિક પ્રસંગનોંધોનું પુસ્તક ________ છે.

(a) હવેલી (b) ગોષ્ઠી

(c) સમયરંગ (d) સમસંવેદન

(૧૯) ‘સર્જકની આંતરકથા’ પુસ્તકનું સ્વરૂપ ________

(a) અનુવાદ (b) આત્મકથા

(c) સંપાદન (d) વિવેચન

(૨૦) ‘પુરાણોમાં ગુજરાત’ ગ્રંથ ઉમાશંકરની કઈ પ્રતિભાનો પરિચય કરાવે છે ?

(a) સંશોધક (b) ચિંતક

(c) સંપાદક (d) વિવેચક

૨. ગાંધી યુગના પ્રતિનિધિ કવિ તરીકે ઉમાશંકર જોશીની પ્રતિભાનું મૂલ્યાંકન કરો. ૨૦

**અથવા**

"ઉમાશંકર જોશીનું વિવેચનકાર્ય વ્યાપ્ત સમૃદ્ધ અને સત્ત્વશીલ કોટિનું છે." – વિધાનની ચર્ચા કરો.

૩. ઉમાશંકરના એકાંકીઓને આધારે તેમની નાટ્યપ્રતિભા વિશે ચર્ચા કરો. ૨૦

**અથવા**

ઉમાશંકરની વાર્તાકળા વિશે વિસ્તૃત નોંધ લખો.

૪. લલિત નિબંધ ક્ષેત્રે ઉમાશંકર જોશીએ કરેલા પ્રદાનની ચર્ચા કરો. ૨૦

**અથવા**

નોંધ લખો :

(૧) સંસ્કૃતિ સામયિક

(૨) ઉમાશંકરનું ચરિત્રસાહિત્ય

૫. ટૂંકનોંધ લખો : (**બે** વિશે) ૨૦

(૧) ઉમાશંકર જોશીની અનુવાદ પ્રવૃત્તિ

(૨) સંશોધક ઉમાશંકર

(૩) ઉમાશંકરના ગીતો

(૪) ઉમાશંકર જોશીનું પ્રવાસ સાહિત્ય